# માનનીય ધારાસભ્યશ્રી દિવ્યેશભાઈ અકબરીની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને સન ૨૦૨૪-૨૫ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ સામે અનુદાનો માટેની માંગણીઓને સમર્થન આપવા અને માર્ગ અને મકાન વિભાગની કેટલીક સિદ્ધિઓની વાત મૂકવા આપની અનુમતિ માંગુ છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ દુનિયાના દરેક માણસનું એક સપનું હોય છે કે, એને પોતાનું ઘરનું એક ઘર હોય, ચાર દિવાલ અને માથે એક પાકી છતના આશરામાં પોતાનો પરિવાર આનંદથી રહેતો હોય.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે, વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન તરીકે આદરણીય નરેન્દ્રભાઈ સત્તા પર આવ્યા બાદ દરેક પરિવારને પોતાનું પાકું ઘરનું ઘર મળી રહે, એ દિશામાં કામ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજના એટલે આપણી **''પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)''** અને **''પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)''** આ યોજનાના માધ્યમથી સરકાર દ્વારા કરોડો લોકોને પાકા મકાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને ગત તારીખ ૧૦મી યાદ આવે છે. જે દિવસે પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતમાં એક સાથે અંદાજે **૧ લાખ** જેટલા પરિવારોને પાકા મકાનની ચાવી સોંપી હતી. આવી અભૂતપૂર્વ તથા ઐતિહાસિક ઘટના મેં મારા જીવનમાં ક્યારેય જોઇ નથી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ ૨૦૧૬-૧૭ માં પ્રધાનમંત્રી આવાસ યોજનાની વાત કરીએ તો, ગુજરાતમાં લાખો ગરીબો માટે પાક્કા મકાનો બન્યા છે. આ યોજના થકી આજ સુધીમાં ગુજરાતમાં કુલ **૬,૦૬,૦૪૧** જેટલા આવાસોને મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકીના ૬૨ ટકા જેટલા આવાસો તો મહિલાઓના નામે મંજૂર કરવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શહેરી આવાસ યોજનાની વાત કરીએ તો, સરકારે આજ સુધીમાં સાડા નવ લાખ કરતાં વધુ આવાસ મંજૂર કર્યાં હતા. જેમાંથી સવા આઠ લાખ જેટલાં આવાસો પૂર્ણ કરવામાં આવ્યા છે. સામાન્ય જનતા માટેની આ આવાસ યોજનામાં અત્યાર સુધીમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર એમ બન્નેએ મળીને કુલ **૨૧૬૫૫ કરોડ રૂપિયા** ની ફાળવણી કરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

રોડ રસ્તાની વાત કરીએ તો, કેન્દ્ર સરકાર દ્વારા મારા વિસ્તાર જામનગરને જોડતા અમૃતસર-જામનગર ઈકોનોમીક કોરીડોરનું કામ હાલ પ્રગતિમાં છે. આ **૬** લેન કોરીડોરની લંબાઇ આશરે **૧૨૫૬ કિલોમીટર** છે, જેનો અંદાજીત ખર્ચ **રૂપિયા ૮૦,૦૦૦ કરોડ** જેટલો થશે. જેનાથી જામનગર થી અમૃતસર પહોંચવામાં અગાઉ ૨૬ કલાક જેટલો સમય થતો જે હવે ઘટીને આશરે ૧૩ કલાક જેટલો જ સમય લાગશે. કેન્દ્ર સરકારનો આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ આશરે ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં બનીને તૈયાર થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હજુ ગઈકાલે જે ઓખાથી બેટદ્વારકા સુધીના બ્રીજનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે સંપન્ન થયું છે. **સુદર્શન સેતુ** તરીકે ઓળખાતા ઓખાથી બેટદ્વારકા જવાનો આ બ્રીજ **રૂપિયા ૯૭૮ કરોડ**ના ખર્ચે તૈયાર થયો છે. આ બ્રીજ **૨.૩૨ કિલોમીટર** લાંબો છે. આ બ્રીજને લીધે લોકોને બેટ દ્વારકા જવામાં ખૂબ જ અનુકૂળતા રહેવાની છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારા મતવિસ્તાર જામનગરની જ હું વાત કરું તો જામનગરના નાગરિકોની સુવિધામાં વધારો થાય અને તેઓ ઝડપથી અને કોઈપણ પ્રકારની ટ્રાફિક સમસ્યા વિના સલામત અવરજવર કરી શકે, તે માટે રાજ્ય ધોરીમાર્ગના જંકશન પર ફલાયઓવર અને રેલવે અંડરબ્રીજના **૧૩** કામોને રૂપિયા **૧૦૭૯.૫૨ કરોડ**ના ખર્ચે મંજુરી આપી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ **૧૩** કામો પૈકી **રૂપિયા ૩૩૪.૨૦ કરોડ**ના ૪ કામો પૂર્ણ કરી દેવામાં આવ્યાં છે. **રૂપિયા ૫૮૪.૭૭ કરોડ**ના **૭** કામો હાલ પ્રગતિમાં છે અને **રૂપિયા ૧૬૦.૫૫ કરોડ**ના બે કામો હવે શરૂ થનાર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જામનગર રીંગ રોડ-૩ કે જે બેડેશ્વર-વાલસુરા મરીન પોલિસ સ્ટેશનથી ગુલાબનગર થઇ રાજકોટ સ્ટેટ હાઇ-વે ને જોડશે. જે કામ મંજુર થયેલ છે તથા ટુંક સમયમાં જ તેનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જે આશરે **રૂપિયા ૮૧.૯૨ કરોડ**ના ખર્ચે બનીને તૈયાર થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજય દ્વારા વર્ષ ૨૦૦૬ ને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવેલ. જે અન્વયે પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓના કામો હાથ ધરી એને તબક્કાવાર પૂર્ણ કરી, પ્રજાની સુખાકારી વધે એ માટેના પગલા ભરવામાં આવેલ.

**માનનીય અધ્યક્ષશ્રી,**

જે અંતર્ગત **રૂપિયા ૪૦૩૬.૫૦ કરોડ**ની રકમના **૨૩૪૦.૨૫ કિ.મી.** લંબાઇના કામોને મંજૂરી આપવામાં આવેલ. જે પૈકી **રૂપિયા ૩૩૯૨.૬૨ કરોડ**ની રકમના **૨૦૨૦ કિ.મી.** લંબાઇના કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને **રૂપિયા ૪૬૬.૧૬ કરોડ**ની રકમના **૨૭૯ કિ.મિ.**ના કામો હાલ પ્રગતિમાં છે. તો **રૂપિયા ૧૮૦.૬૮ કરોડ**ની કિંમતના **૪૧.૧૦ કિ.મી.** લંબાઇના કામો હવે શરૂ થનાર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મારા મતક્ષેત્ર જામનગર વિસ્તારમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન વિભાગ હેઠળના નવા પુલોનું બાંધકામ તથા એની સુધારણા કરવાના **રૂપિયા ૫૪.૨૩ કરોડ**ની રકમના કામોને મંજૂરી આપવામાં આવી છે. તથા રસ્તાઓનું મજબૂતીકરણ, રસ્તાઓને પહોળા કરવા તથા એને રિકાર્પેટ કરવા માટે **રૂપિયા ૧૩૦.૧૯ કરોડ**ની રકમ મંજૂર કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માર્ગ અને પુલ નિર્માણ ક્ષેત્રે પણ આપણી સરકારે મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. ટુ લેનનું ફોર લેન કરવા અને ફોર લેનને સિક્સ લેન કરવા તથા મોટાં પુલોનું નિર્માણ અને ઓવર બ્રીજ-અંડર બ્રીજ નિર્માણ કરીને રાજ્ય માટે બહુ જ જરૂરી એવી માળખાગત સુવિધા તૈયાર કરાવવાનું કામ ખૂબ જ અસરકારક રીતે આપણી સરકાર કરી રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સમગ્ર ગુજરાતમાં આજે માર્ગો અને પુલના બાંધકામનું માળખાગત કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. અનેક સ્તાઓનું નવીનીકરણ થઈ રહ્યું છે. નવા રસ્તાઓ અને નવા પુલો તથા ઓવર બ્રીજ અને અંડર બ્રીજ બની રહ્યા છે. આ સઘળી કામગીરી ઉત્તમ રીતે અને ઝડપી થઈ રહી છે. જેને હું બિરદાવું છું અને માંગણી **૮૬** સંદર્ભે રજૂ થયેલ અનુદાનોને મારું પૂર્ણ સમર્થન જાહેર કરું છું.

**જય જય ગરવી ગુજરાત**